Monday
09.10.2023
✳Volume :8 ✳ Issue No.75
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs.90/-

દક્ષિણ પશ્ચિમ વાયુ કમાનના વડા મથકે ભારતીય વાયુ સેનાની ૯૧ મી વર્ષગાંઠની પૂર્વસંધ્યાએ શાનદાર ઉજવણી

શૌર્ય અને વીરત્વના ભાવ સાથે રાષ્ટ્રની સેવામાં સમર્પિત વાયુ સેનાએ ભારત અને ભારતીયોનું ગૌરવ વધાર્યું છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

૮ મી ઓક્ટોબર, ૧૯૩૨ માં ચાર હવાઈ જહાજ, છ અધિકારીઓ અને ૧૯ સૈનિકોના બલ સાથે ભારતીય વાયુ સેનાની સ્થાપના થઈ, આજે વિશ્વની ત્રીજી શક્તિશાળી વાયુ સેના ગણાય છે

કમલમ્ ન્યુઝ,

ભારતીય વાયુસેનાની ૯૧ મી વર્ષગાંઠ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વાયુ યોદ્ધાઓને શુભકામનાઓ પાઠવતા કહ્યું હતું કે, શૌર્ય અને વીરત્વ વ્યક્તિની ગરિમા અને ગૌરવ વધારે છે. વીરત્વના ભાવ સાથે રાષ્ટ્રની સેવામાં સમર્પિત ભારતીય વાયુ સેનાએ ભારત અને ભારતીયોનું ગૌરવ વધાર્યું છે. તા. ૮ મી ઓક્ટોબર, ૧૯૩૨ માં ચાર હવાઈ જહાજ, છ અધિકારીઓ અને ૧૯ સૈનિકોના બલ સાથે ભારતીય વાયુ સેનાની સ્થાપના થઈ હતી. આજે ૯૧ મા વર્ષે ભારતીય વાયુ સેના વિશ્વની ત્રીજી શક્તિશાળી વાયુ સેના ગણાય છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગાંધીનગર નજીક દક્ષિણ પશ્ચિમ વાયુ કમાનના હેડ ક્વાર્ટરમાં ભારતીય વાયુ સેનાના સ્થાપના દિવસની પૂર્વસંધ્યાએ આયોજિત સમારોહમાં અધિકારીઓ અને વાયુ યોદ્ધાઓને સંબોધતાં કહ્યું હતું કે, ભારતીય વાયુ સેનાએ દેશની સુરક્ષાની વાતે નિશ્ચિંત કર્યો છે, એટલું જ નહીં કોવિડ કાળમાં ઓક્સિજન પહોંચાડવામાં, વિદેશોમાં ફસાયેલા ભારતીયોને વતન લાવવામાં કે યુક્રેનમાં ફસાયેલા વિદ્યાર્થીઓને સુરક્ષિત સ્વદેશ લાવવામાં સક્રિય ભૂમિકા નિભાવી છે.

એટલું જ નહીં, તાજેતરમાં ગુજરાતમાં આવેલા બિપોરજોય વાવાઝોડામાં બચાવ અને રાહત અભિયાનમાં પણ ભારતીય વાયુસેનાએ નોંધપાત્ર યોગદાન આપ્યું છે. જાજવલ્યમાન અને ગૌરવશાળી ભારતીય વાયુ સેનાએ ભારતીયોને હંમેશા નિશ્ચિંત રાખ્યા છે.

દક્ષિણ પશ્ચિમ વાયુ કમાનના વડા એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ એર માર્શલ નર્મદેશ્વર તિવારીએ આ અવસરે કહ્યું હતું કે, ભારતીય વાયુ સેનાની આજે વિશ્વની શક્તિશાળી વાયુ સેનામાં ગણતરી થાય છે, આ ગૌરવ માટે અતિતના અને વર્તમાનના વાયુઓ યોદ્ધાઓ અને નેતૃત્વને હું નમન કરું છું. ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને મહારાષ્ટ્રની જવાબદારી સંભાળતી દક્ષિણ પશ્ચિમ વાયુ કમાન મુખ્ય ઓપરેશનલ વાયુ કમાન છે, જેની ઉપલબ્ધિઓ પર પણ હું ગર્વ અનુભવવું છું. વાયુ સેના પરિવાર કલ્યાણ સંઘના માધ્યમથી થતા કલ્યાણકાર્યોની તેમણે પ્રશંસા કરી હતી. તેમણે ભારતની સુરક્ષા, સમૃદ્ધિ અને સંપ્રભુતા જાળવી રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ગુજરાતના મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, શ્રીમતી શર્મિલ રાજકુમાર, શ્રીમતી રીચા નર્મદેશ્વર તિવારી, રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ, ભૂતપૂર્વ વાયુ યોદ્ધાઓ, ત્રણેય સેનાઓ અને સુરક્ષાદળોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રુપકેપ્ટન શ્રી મહેશ પરાંજપે અને વીંગ કમાન્ડર શ્રી બિભાષ રોય એ દેશભક્તિ ગીતો રજૂ કર્યા હતા. આ પ્રસંગે વાયુ સેનાની ઝલક દર્શાવતી બે ફિલ્મો પણ પ્રદર્શિત કરવામાં આવી હતી.

વન્યપ્રાણી સપ્તાહ અંતર્ગત ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં વાઈલ્ડ લાઈફ કોન્ફીરન્સ્ યોજાઈ

પર્યાવરણ જાળવણી સાથે વન્યજીવ સૃષ્ટિ અને વન્યસૃષ્ટિના સંરક્ષણ સંવર્ધનના સમન્વયથી સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટની નેમ સાકાર કરવા મુખ્યમંત્રીશ્રીનો અનુરોધ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રનભાઈ મોદીએ રાજ્યમાં વરસાદ, વાવાઝોડા જેવી કુદરતી આફતોનાં સમયે વાઈલ્ડ લાઈફ સહિત નાનામાં નાના જીવનાં રક્ષણની સતત ચિંતા કરી માર્ગદર્શન આપ્યું છે.

જીવમાત્ર પ્રત્યે દયા - કરૂણાનાં રાજ્ય સરકારનાં પ્રયાસોમાં જન સહયોગ અને સૌનો સાથ આવશ્યક છે : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે પર્યાવરણ જાળવણી સાથે વન્યસૃષ્ટિ અને વન્યજીવ સૃષ્ટિના સંરક્ષણ સંવર્ધનના સમન્વયથી સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટની નેમ સાકાર કરવા અનુરોધ કર્યો છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, જીવ માત્ર માટે દયા - કરુણાના ભાવ રહે તે માટે સરકારના પ્રયાસમાં જનસહયોગ અને સૌનો સાથ મળે તે આવશ્યક છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યસરકારના વન વિભાગ દ્વારા વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી અન્વયે આયોજિત વાઈલ્ડ લાઈફ કોન્ફરન્સમાં સંબોધન કરતા આ અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વાઈલ્ડ લાઈફ કોન્ફહરન્સજ સંદર્ભમાં યોજાયેલું વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફીનું પ્રદર્શન પણ નિહાળ્યું હતું. રાજ્યમાં વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી અને વન્યજીવ સૃષ્ટિ અંગેના રિસર્ચ સાથે સંકળાયેલા સ્કોલર્સ, સંશોધકો, ફોટોગ્રાફર્સ આ કોન્ફરન્સમાં જોડાયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રલ પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, માનવ કે પશુ પંખી જ નહીં, નાનામાં નાના જીવનું પણ રક્ષણ થાય તેવો ખ્યાલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણને આપ્યો છે. તાજેતરના વાવાઝોડા, વરસાદની કુદરતી આફતના સમયે તેમણે વાઈલ્ડ લાઈફ સહિત સૌના ઝિરો કેઝ્યુઆલિટી અપ્રોચ માટે સતત ચિંતા સેવીને માર્ગદર્શન પૂરું પાડ્યું છે તેની ભૂમિકા પણ મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર્સ વન્ય પ્રાણીની તસવીર લેવામાં પોતાની જાતને પણ જોખમમાં મૂકીને જે સાહસ દાખવે છે તેની સરાહના કરી હતી. તેમણે કહ્યું કે, આવી અદમ્ય તસવીરો છેક અંતરિયાળ વિસ્તારો સુધી વિવિધ માધ્યમોથી પહોંચાડીને લોકોમાં વન્યપ્રાણી પ્રત્યે સંવેદના જગાવવાનું કામ આ તસવીરકારો કરે છે. મુખ્યમંત્રીશ્રીએ વાઈલ્ડ લાઈફના જતન -સંવર્ધન માટે જંગલ વિસ્તાર વધુ વિસ્તરી શકે તે માટેના તથા વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન માટેના સુઝાવની પણ આ ફોટોગ્રાફર્સ, રિસર્ચર્સ અને સ્કોલર્સ પાસેથી અપેક્ષા દર્શાવી હતી. વન વિભાગના અગ્ર સચિવશ્રી સંજીવકુમારે સૌને આવકારીને સ્વાગત પ્રવચન દ્વારા આ કોન્ફરન્સનો હેતુ સ્પષ્ટ કર્યો હતો. વન્યજીવ સંરક્ષણ અને વિવિધ નાવિન્યપૂર્ણ કામગીરીનું પ્રેઝન્ટેશન પણ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં અગ્ર મુખ્ય વન સંરક્ષક વાઈલ્ડલાઈફ શ્રી નિત્યાનંદ સહિત વન વિભાગના વરિષ્ઠ વન સંરક્ષકશ્રીઓ તેમજ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર્સ, વાઈલ્ડ લાઈફ ક્ષેત્રે શોધ - સંશોધન કરતા યુવાઓ, NGO વગેરે પણ જોડાયા હતા.

"મારી માટે મારો દેશ" કળશ યાત્રાને માણસા દ્વારા મળી રહ્યો છે ખૂબ જ સુંદર પ્રતિસાદ

માણસા વિધાનસભા ધારાસભ્યશ્રી જે.એસ. પટેલ દ્વારા આહવાન

કમલમ્ ન્યુઝ,

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીજી દ્વારા "મારી માટી મારો દેશ" અંતર્ગત સમગ્ર રાષ્ટ્રમાં પ્રત્યેક શહેરો તથા ગામડાઓમાં આ કળશ યાત્રા ફરી રહી છે જેને નાગરિકો દ્વારા ખૂબ જ સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે. આ કળશ યાત્રા મા આગેવાનો , શહેરના પદાધિકારી શ્રીઓ આ કળશયાત્રા સાથે ફરી રહ્યા છે અને જન જન સુધીના ઘરોમાં જઈ નાગરિકો દ્વારા આ કુંભનું પૂજન કરી તેમાં ચપટી ચોખા ના દાણા તુલસીપત્ર ફુલ વગેરે પધરાવી દેશની રક્ષા કરતા પોતાના પ્રાણોનું બલિદાન આપનાર વીર જવાનોને યાદ કરી પોતાની લાગણી વ્યક્ત કરી રહ્યા છે. દેશ માટે પોતાના પ્રાણનું બલિદાન આપનારા દેશના વીર જવાનોને વંદન કરવા અને તેમના માટે લોકોમાં ભાવના જળવાઈ રહે તે હેતુથી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા "મારી માટી મારો દેશ" કાર્યક્રમની જાહેરાત કરી હતી. માણસા તાલુકાના પારસા અને વાગોસણા ગામે મારી માટી, મારો દેશ' અભિયાન અંતર્ગત ઘરે ઘરે કળશ યાત્રા કાર્યક્રમમાં જોડાઈને અમૃત કળશમાં માટી એકત્રિત કરી. સાથે જ સૌને આ મહાઅભિયાનમાં જોડાઈને વીરો અને વીરાંગનાઓને

શ્રદ્ધાંજલિ આપવા માટે માણસા વિધાનસભા ધારાસભ્યશ્રી જે.એસ. પટેલ દ્વારા આહવાન. "માટીને નમન, વીરોને વંદન" માણસા તાલુકા ના બોરુ ખાતે 'મારી માટી, મારો દેશ' અભિયાન અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં માણસા વિધાનસભા ધારાસભ્યશ્રી જે.એસ. પટેલ ઉપસ્થિત રહી સૌને આ અભિયાનમાં જોડાઈને વીરો અને વીરાંગનાઓને શ્રદ્ધાંજલિ આપવા આહવાન કર્યું. આ સાથે જ માણસા તાલુકાની કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટીની ૫૦ કરતા વધુ બહેનોને કેસરિયો ખેસ પહેરાવીને ભારતીય જનતા પાર્ટીમાં સ્વાગત કર્યું.

કમલમ્ ન્યુઝ,

દીનાંક ૭ ઓક્ટોમ્બર ૨૦૦૧ના રોજ માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતનાં મુખ્યમંત્રી તરીકે પ્રથમ વખત શપથ લીધી હતી અને આપણું ગુજરાત વિકાસપથ પર અગ્રેસર બન્યું હતું. આ ઐતિહાસિક દિવસ ને શ્રી ગીરીશભાઈ શર્મા દ્વારા સંપાદિત "સુવર્ણ દિન" પુસ્તક દ્વારા ગુજરાતના "સુવર્ણ દિન" તરીકે પ્રસ્તુત કરવામાં આવ્યો. આ "સુવર્ણ દિન " પુસ્તક નો પરિસંવાદ કાર્યક્રમ શ્રી વિવેકાનંદ સંસ્કાર તપોવન, સેક્ટર-૧૭ ગાંધીનગર ખાતે યોજાયો. જેમાં ગાંધીનગરના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય સુશ્રી રીટાબેન ગાંધીનગર મહાનગર પાલિકાના સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી હસુભાઈ પટેલ સુવર્ણ દિન પુસ્તક ના લેખક ને અગ્રી સામાજિક કાર્યકર શ્રી ગીરીશભાઈ શર્મા અને ગાંધીનગર મહાનગર ભા.જ.પા.ના પૂર્વ પ્રમુખ અને નગર સેવક સહિત અનેક અગ્રણીઓ એ ઉપસ્થિત રહી આ પ્રેરણા આપતા પુસ્તક બદલ શ્રી ગીરીશભાઈને શુભકામનાઓ સહ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં વિવેકાનંદ તપોવન ના શ્રી સુરેશભાઈ અને સુનિલભાઈ સહિત મોટી સંખ્યા માં વિદ્યાર્થી ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને સુવર્ણ દિન પુસ્તક પરિસંવાદમાં ઉત્સાહથી સહભાગી થયા હતા.

તંત્રી સ્થાનેથી......

મોરબી ખાતે આગામી ૯ અને ૧૦ ઓક્ટોબરે દરમિયાન 'વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ મોરબી' કાર્યક્રમ યોજાનાર છે. જેનો ૯ ઓક્ટોબરે મંત્રીશ્રી જગદીશવિશ્વકર્મા (પંચાલ)ની ઉપસ્થિતિમાં શુભારંભ કરવામાંઆવશે. હાલસમગ્ર રાજ્યમાં 'ગ્લોબલ સમિટ' અન્વયે 'વાઈબ્રન્ટ ગુજરાત' કાર્યક્રમના ભાગરૂપે વિવિધ જિલ્લાઓમાં 'વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ ડીસ્ટ્રીક્ટ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવીરહ્યું છે જેના ભાગરૂપે મોરબીખાતેઆગામી૯ અને ૧૦ ઓક્ટોબર નારોજ 'વાઈબ્રન્ટ ગુજરાતવાઈબ્રન્ટ મોરબી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંછે. આ કાર્યક્રમ અન્વયે જિલ્લાના વિવિધ વિભાગોદ્વારા તેમના કાર્યક્ષેત્ર અનુરૂપ લગભગ ૯૦થી વધુએમ.ઓ.યુ. થનાર છે. 'વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ મોરબી' કાર્યક્રમ અંતર્ગત ગુજરાત સરકારની એમ.એસ.એમ.ઈ. યોજનાઓની જાણકારી આપતું પ્રેઝન્ટેશન, એકસપોર્ટ વર્કશોપ, ઉદ્યોગપતિઓ સાથે ઓપન હાઉસ, નેટવર્કિંગ સેશન વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. આ ઉપરાંત પ્રદર્શન, રજીસ્ટ્રેશનની માહિતીતેમજ પ્રોડક્ટ સ્ટોલ વગેરેનું પણ આયોજન કરવામાં આવનાર છે.

મોરા પ્રાથમિક શાળામાં ૩૯ વર્ષ સુધી સેવા આપી નિવૃત્ત થતાં કર્મનિષ્ઠ શિક્ષક પ્રવિણભાઈ દેસાઈને અપાયું ભાવસભર વિદાયમાન

શિક્ષકશ્રી પ્રવિણભાઇની પ્રમાણિક્તા, કાર્યદક્ષતા અને ફરજનિષ્ઠાને બિરદાવતા ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથાર

કમલમ્ ન્યુઝ,

પંચમહાલ જિલ્લાના મોરવા તાલુકાની મોરા પ્રાથમિક શાળાનો ૧૧૫મો સ્થાપના દિવસ અને શાળામાં ૩૯ વર્ષથી સેવા કરતા કર્મનિષ્ઠશિક્ષક પ્રવિણભાઈ દેસાઈનો નિવૃત્ત વિદાયમાન કાર્યક્રમ પૂર્વ મંત્રી અને ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેન સુથારના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. ધારાસભ્ય શ્રીમતીસુથારે જણાવ્યું હતું કે, શિક્ષકશ્રી પ્રવિણભાઈ પ્રમાણિકતા કાર્યદક્ષતા તથા શાળામાં તેમની ફરજ નિષ્ઠાને બિરદાવી હતી.તેમણે શાલ ઓઢાડી સ્મૃતિભેટ અનેસન્માનપત્ર અર્પણ કરી શ્રીપ્રવિણભાઈનું સન્માન કર્યું હતું. પોતાની વયનિવૃતિના અવસરે શ્રી પ્રવિણભાઈએશાળાના વિકાસ માટે રૂ.૨૫ હજારનો ચેક ધારાસભ્યના હસ્તે શાળાના આચાર્યને અર્પણ કર્યો હતો. શ્રી પ્રવિણભાઈએ જણાવ્યું હતું કે મે આજ શાળામાંથી પ્રાથમિક શિક્ષણ લીધું હતું અને આજ શાળામાં ૩૯ વર્ષ સુધી સેવા કરવાની તક મળી હતી. ચાર દાયકા જેટલા સમય દરમિયાન શાળાનાઆચાર્ય તરીકે ચાર વર્ષ અને મોરવા તાલુકાની પ્રથમવાર શિક્ષક મંડળીના પ્રમુખ તરીકે ૬ વર્ષ સુધી સેવાઓ આપી છે.તેમણે સૌનો આભાર માની વિદ્યાર્થીઓને ઉજ્જવળભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવીપોતાની સેવાનો સંતોષ વ્યક્ત કરતા પોતાની આંખમાંઆસું રોકીશક્યાનહોતા. પ્રારંભમાં પ્રાર્થના સ્વાગત ગીત અને શાળાના આચાર્ય નિશાર શેખ પ્રાસંગિક પ્રવચન કરી શાળાની વર્ષ ૧૯૦૯માં સ્થાપના કરી ત્યારથી અત્યાર સુધીનાઈતિહાસની ઝાંખી કરાવી હતી.

આ પ્રસંગેજિલ્લા મહામંત્રી ધવલભાઈ દેસાઈ, ગુજરાત બાલ વિકાસ મંડળ પ્રમુખ પુરણ ભાઈ દેસાઈ, પંચમહાલજિલ્લા બાધકામ સમિતિ ચેરમેન વિક્રમભાઈ ડીડોર, તાલુકા જિલ્લા પંચાયતના સદસ્ય ગામના સરપંચ, બી.આર.સી,સી.આર.સીઆચાર્યો શિક્ષકો તાલુકા જિલ્લા સંઘના હોદેદારો, ગામના અગ્રણી નાગરિકો યુવાનો મિત્રો સગા સ્નેહીજનો અને ગ્રામજનો દ્વારા શ્રીફળ શાલ ઓઢાડી અનેક ભેટ સોગાદ અર્પણ કરી એમના પ્રત્યે સ્નેહ દર્શાવ્યો હતો. શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓ ઉપસ્થિત તમામ મહેમાનો પરિવારના સદસ્યો દ્વારા શિક્ષકને પુષ્પોથી વધાવી પોતાની શાળામાંથી વિદાય લઈ રહેલા શિક્ષક અને વિદ્યાર્થીઓના અનુપમ પ્રેમથી સૌની આંખોમાં આસું છલકાઈ રહ્યાહતા.અંતે શિક્ષકેકરેલી સેવાની ભાવભરી વિદાય સાથે લાગણીસભર દ્રશ્યો જોવા મળ્યા હતા.

મોરબી ખાતે 'અમૃત કળશ યાત્રા' ઉજવણી કાર્યક્રમ યોજવામાં આવ્યો

કમલમ્ ન્યુઝ,

સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવ અને 'મારી માટી મારો દેશ' કાર્યક્રમ ચાલી રહ્યો છે ત્યારે મોરબી જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી હંસાબેન પારધીના અધ્યક્ષસ્થાને મોરબી ખાતે 'અમૃત કળશ યાત્રા' ઉજવણી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રફાળેશ્વરની આદર્શ નિવાસી કુમાર શાળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સામાજિક આગેવાનો, ગ્રામજનો, વાલીઓ, વિદ્યાર્થી અને ઉપસ્થિત તમામ મહાનુભાવો દ્વારા પંચપ્રાણ પ્રતિજ્ઞા લેવામાં આવીહતી તેમજ વૃક્ષારોપણ જેવા વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં અગ્રણીશ્રી જયેશભાઈ રાઠોડ, તુલસીભાઈ, સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેન શ્રીમતિ હંસાબેન સોલંકી, જાંબુડીયા ગ્રામપંચાયતનાં સરપંચશ્રી, સામાજિક અગ્રણીશ્રી સુખાભાઈ ડાંગર તેમજ મોરબીજિલ્લાના બક્ષિપંચ સમાજનાં આગેવાનો, ગ્રામજનો, વાલીઓ તેમજ છાત્રાલયના છાત્રો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સફળ આયોજન મોરબી જિલ્લા સમાજકલ્યાણ અધિકારી (વિ.જા.) શ્રી એલ.વી.લાવડીયા દ્વારા કરવામાં આવેલ હતુ.

કમલમ્ ન્યુઝ,

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ વઘઈ નગર દ્વારા રાણી દુર્ગાવતી ની ૫૦૦ મી જન્મજયંતી નિમિત્તે મિશન સાહસી અંતર્ગત આત્મ સંરક્ષણ અને વુમન અવેરનેસ નો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વઘઈ નગર ના નગરમંત્રી કેશવભાઈ કશ્યપ દ્વારા રાણી દુર્ગાવતી ના વિરત્વ અને પરાક્રમતા વિશે જણાવી છર્ફું ના મિશન સાહસી અંતર્ગત ચલાવવામાં આવતા કાર્યક્રમ વિશે સૌને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં પીટીસી કોલેજના આચાર્યશ્રી બી.એમ. રાઉત સર, શિક્ષકગણ, વિજયભાઈ રાઉત સર ના પ્રમુખ પદે ચાલતા ડાંગ જિલ્લા સ્પોર્ટ્સ કરાટે એસોસિએશનના કોચ જ્યોતિબેન પાડવી ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમના અંતે જ્યોતિબેન દ્વારા વિદ્યાર્થી બહેનોને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવી હતી

કમલમ્ ન્યુઝ, ઇકબાલ મેમણ

મેગા સફાઈ અભિયાન અંતર્ગત જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ હિંમતનગર ખાતે કેમ્પસ પરિસરમાં મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ, સી.ડી.એમ.ઓ , મેટ્રન, સ્ટાફ નર્સ, એડમીન સ્ટાફ, એસ.આઇ. સેવકો સાથે ૩૫૦ થી વધુ લોકોએ સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો જેમાં ૧૦૦ થી વધુ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ પણ હતા. આ સ્વચ્છતા અભિયાનમાં જરૂરી સાધનો માટે હિંમતનગર નગરપાલિકા અને કચરો લઈ જવા હડિયોલ ગ્રામ પંચાયત નો સહયોગ મળ્યો..

સાંકળચંદ પટેલ યુનિવર્સિટિ સંચાલિત બીસીએ કોલેજમાં પ્લેસમેન્ટ ડ્રાઇવ યોજાઈ



કમલમ્ ન્યુઝ,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંચાલિત શ્રી સી.જે. પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ (બીસીએ) કોલેજમાં તારીખ ૦૭-૧૦-૨૦૨૩ના રોજ પ્લેસમેન્ટ ડ્રાઈવ કરવામાં આવી હતી. જેમાં વિસનગરની નામકિંત નિવાન ઈન્ફોટેક આઈટી કંપનીજે સોફ્ટવેર વિકાસ, સિસ્ટમ વિશ્લેષણ, ડેટાબેઝ મેનેજમેન્ટમાં કામ કરે છે . જેના HR ડિપાર્ટમેંટ દ્વારા કોલેજમાં ઓન કેમ્પસ આવીને ઈન્ટરવ્યૂનુંઆયોજન કર્યુંહતું. જેમાં બીસીએ કોલેજના વિધ્યાર્થીઓએ ક્ષમતા, જ્ઞાન અને સુઓજનનુ પ્રદશન કર્યું હતું.

કંપનીનો મુખ્ય ઉદેશ વેબ ડિઝાઈનિંગ વેબ ડેવલોપમેન્ટ તથા ફુલ સ્ટેક ડેવલપર માટે અલગ અલગ જગ્યાઓની ભરતી કરવાનો હતો.

આ પ્લેસમેંટ ડ્રાઈવમાં બીસીએ કોલેજના ૭૫ વિધ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ૭૫ વિધ્યાર્થીઓ માથી ૧૫ વિધ્યાર્થીઓને જોબની ઓફર મળી હતી. આ પ્લેસમેંટ ડ્રાઈવના સફળ આયોજન માટે કોલેજના પ્લેસમેંટ કૉઓર્ડિનેટર શ્રી શાહનવાજખાન પઠાણનો કોલેજના પ્રિન્સિપાલ ડો. અભિજીત જાડેજા, રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદી, પ્રોવોસ્ટ ડો. પી. એમ. ઉદાની તથા પ્રેસિડેંટ શ્રી પ્રકાશ પટેલએઅભિનંદન પઠવ્યા હતા.

સામાજિક વનીકરણ વિભાગ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરાઈ

કમલમ્ ન્યુઝ,ભુજ,

વન વિભાગ દ્વારા દર વર્ષે તા.૦૨ થી ૦૮ ઓક્ટોબર દરમ્યાન વન્યપ્રાણીસપ્તાહની ઉજવણીકરવામાંઆવેછે. જે અંતર્ગત કચ્છ વિસ્તરણ વન વિભાગ - ભુજના તાબાની સામાજિક વનીકરણ રેન્જ રાપર દ્વારા જિલ્લા કક્ષાના વન્યપ્રાણી સપ્તાહનીઉજવણી કરવામાંઆવી હતી. જેમાં વિકાસવાડી પ્રા.શાળા રાપરમાં શાળામાં વક્તૃત્વ સ્પર્ધા / ચિત્ર સ્પર્ધા / નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા થયેલા ૧ થી ૩ નંબરને ઈનામ આપવામાંઆવેલ તેમજ અન્ય ભાગલેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સહક ઈનામ વિતરણ કરી તેમજ વન્યપ્રાણીઓ તેમજ તેમજ સંરક્ષણ સંવર્ધન વિશે બાળકોને માહિતગાર કરવામાંઆવ્યા હતા. વન વિભાગની તાલુકાની સામાજિક વનીકરણ રેન્જ દ્વારા તાલુકાકક્ષા તથા ગ્રામ્યકક્ષાએ વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા તથા QUIZ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધકોમાંથી વિજેતા જાહેર કરીને ૧ થી ૩ નંબરને ઈનામ આપવામાંઆવ્યા હતા. અન્ય ભાગલેનાર વિદ્યાર્થીઓનેપ્રોત્સાહક ઈનામ વિતરણ કરવામાંઆવ્યું હતું. વન વિભાગના કર્મચારી દ્વારા વન્ય પ્રાણી સંરક્ષણ, સંવર્ધન વિશે સમજણ આપવામાં આવી હતી તેમ નાયબ વન સંરક્ષકશ્રી સામાજિક વનીકરણ હરેશમકવાણાની યાદીમાંજણાવાયું છે.

ગ્રામીણ મહિલાઓના આર્થિક ઉત્થાન માટે ખેરગામ ખાતે 'કેશ ક્રેડિટ કેમ્પ' યોજાયો

કમલમ ન્યુઝ,નવસારી

નવસારી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ઉપક્રમે દીનદયાળ અંત્યોદય યોજના, રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન અંતર્ગત ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિ. દ્વારા ગ્રામીણ મહિલાઓના આર્થિક ઉત્થાનનાશુભ આશયથીખેરગામ તાલુકાખાતે'કેશ ક્રેડિટ કેમ્પ' યોજાયો હતો. જેમાં કુલ ૧૨૮ સખીમંડળને કુલ રૂ.૨૯૮.૦૦લાખના ધિરાણના કેશ ક્રેડીટ ચેકનું વિતરણ કરવામાંઆવ્યુ, તથાસારી કામગીરીબદલ ત્રણ બ્રાન્ચમેનેજર શ્રીઓને તથા દશ બેંક મિત્રને અને બે બેંક સખીને સન્માન પત્ર તથા નવા બેંક મિત્રને નિમણુંક પત્ર એનાયત કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, તાલુકાવિકાસ અધિકારીશ્રી, જીલ્લા લાઈવલીહુડ મેનેજર શ્રી, તાલુકા લાઈવલીહુડ મેનેજર શ્રી, બ્રાન્ચમેનેજર શ્રીઓ, જીલ્લાતથા તાલુકાનાફ્રઈન્સ શાખાના સ્ટાફ, તથા સખીમંડળની બહેનોહાજર રહ્યા હતા.

અંકલેશ્વરમાં નવરાત્રીમાં માટી ની ગરબી બનાવવાની પરંપરા જાળવી રાખતો પ્રજાપતિ પરિવાર

નવરાત્રી અગાઉ માટી ની ગરબી બનાવવાની શરૂઆત કરતો આશિષ પ્રજાપતિ

એક જ સ્થળે થતા ગરબા ના લીધે શેરી ગરબા બંધ થતા માટી ની ગરબી નું વેચાણ ઘટ્યું

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર નાસુથાર ફળીયા ના પ્રજાપતિ પરિવારે નવરાત્રી માં માટી ના માટલા ની ગરબી બનાવવાની પરંપરા જાળવી રાખી છે ,નવરાત્રી ના આગમન ના ૧૫ દિવસ અગાઉથી માટલાની ગરબી તૈયાર કરી તેને કલર કરી આકર્ષક ડિઝાઇન બનાવી ને તેનું વેચાણ કરી રહ્યા છે. જો કે એક જ સ્થળે યોજાતા ગરબા ના કારણે શહેરી ગરબાઓ બંધ થતા ગરબી ઓ ના વેચાણ માં ઘટાડો જોવા મળ્યો છે , માતાજી ની આરાધના કરવા માટે આસો મહિનાની નવરાત્રીનું વિશેષ મહત્વ છે.

આગામી ૧૫ તારીખથી નવરાત્રીપર્વનો શુભારંભ થઈ રહ્યો છે ત્યારે નવરાત્રી ના નવ દિવસ માઈ ભક્તોઘરે એકમાટીનો રંગીન ઘઢોલાવી જેનું સ્થાપન કરે છે. તેને માતાજીની ગરબી કહેવામાં આવે છે. નવરાત્રીના આગમન ને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા હોવાથી નોરતા પૂર્વે બજારમાં રંગબેરંગી સુંદર માટીમાંથી બનાવેલ ગરબીનું વેચાણ થઈ રહ્યું છે.નવરાત્રી માં ભક્તો પોતાના ઘરમાં માટી ની ગરબી રાખવાની પરંપરા મુજબ ખરીદી કરે છે પ્રાચીન પરંપરા અનુસાર નોરતા દરમિયાન ભાવિકો શ્રદ્ધાથી માટી ની ગરબી ની ખરીદી કરી નવ દિવસ તેમાં અખંડ દીવો કરી માતાજીની આરાધના કરે છે. આજના આધુનિક યુગમાં સમય બદલાયો છે અને પદ્ધતિ પણ બદલાઈ છે ત્યારે .અંકલેશ્વર ના સુથાર ફળિયામાં રહેતા આશિષ જીતેશ ભાઈ પ્રજાપતિ વડીલોપાર્જિત પરંપરાગત રીતે માટીના માટલાસહીત ના માટીના વાસણોનું વેચાણકરે છે, નવરાત્રી ના આગમન ના પંદર દિવસ અગાઉથી આશિષપ્રજાપતિ તેમના પરિવાર સાથે માટી ના માટલા માંથી ગરબી બનાવવાની તૈયારી માં લાગી જાય છે અને સૌ પ્રથમ નાની માટલી થીલઈ મોટા માટલા માં નાના હોલ પાડવામાં આવે છે હોલ પાડ્યા બાદ તેના ઉપર અવનવાકલર, કરે છે બાદ કલર દ્વારા આકર્ષક ડિઝાઇન,બનાવી ને સુશોભીત કરી ગરબીને વેચાણ અર્થેમુકે છે.જો કે હવે એક જ સ્થળે ગરબા નું આયોજન થતું હોવાથી શેરી ગરબા બંધ થતા ગરબી ના વેચાણ ઉપર અસર પડી છે ત્યારે આશિષ પ્રજાપતિ એ આગામી નવરાત્રી માં ગરબી નું વેચાણ સારું થાય તેવી આશા વ્યક્ત કરી હતી.

અંકલેશ્વર માં નવરાત્રી પૂર્વે તબલા ઢોલક રીપેરીંગ કરતા કારીગરો માં નવો સંચાર

અંકલેશ્વરમાં એક માત્ર તબલા, ઢોલક ,અને હાર્મોનિયમનું રીપેર કરતુ છત્રીવાલા પરિવાર

અંકલેશ્વર માં આવેલ પૂર ના કારણે ગણેશ ઉત્સવ માં વાજિંત્રો ના વેચાણ માં નુકશાન થયું હતું

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

અંકલેશ્વર માં આદ્યશક્તિ માઁ અંબા ની આરાધના પર્વ ના આગમન ને હવે ગણતરી ના દિવસબાકીછે.ત્યારે તબલા,ઢોલ અને હાર્મોનિયમ રિપેર અને ઉત્પાદક માં નવો સંચાર જોવા મળ્યો છે. જો કે નર્મદા ના પૂર ના કારણે ગણેશ ઉત્સવ માંવાજિંત્રો ના રીપેરીંગ અને વેચાણ માં નુકશાન થયું હતું ત્યારે નવરાત્રી પૂર્વે વાજિંત્રોના રીપેરીંગકરતા કારીગરો માં અનેરો ઉત્સાહ જોવામળી રહ્યો છે. ગુજરાત ની આગવી ઓળખ એટલે ગરબા અને માઁ અંબા ની આરાધના ના પર્વ સમા ગરબા ચાલુ વર્ષે આયોજકો નવરાત્રી નું આયોજન કરીરહ્યાછે ,જો કે ડીજે અને આધુનિક વાજિંત્રો ના જમાના માંઆજે પણ ગરબા નીજે અસલ તબલાની થાપ અને ઢોલનો ધબકો બરકરાર છે.ત્યારે અંકલેશ્વર માં ચાલુ વર્ષે ગરબા આયોજકો ગરબાનું આયોજન કરીરહ્યા છે. ખેલૈયા ની તાલ ને નવો જોમ પૂરો પડતા તબલા, ઢોલ અને હાર્મોનિયમ સહીત વાંજીત્રો ના બજાર ના પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અંકલેશ્વર માં એક માત્ર ધર્મેશ ભાઈ છત્રીવાલા. તબલા- ઢોલક સહીત ના વાંજીત્રો રીપેરીંગ અને નવા બનાવી ને પોતાના વડિલોપાર્જીત વારસાને જાળવી રાખ્યોછે જો કે તેમની પાસે અંકલેશ્વર ના ગ્રામ્ય વિસ્તાર માંથી તબલા ઢોલક ના રીપેરીંગ નું કામ વધુઆવતું હોયછે ચાલુ વર્ષે ગરબા નું આયોજન થઈ રહ્યુ છે ત્યારે પાછલા વર્ષો કરતાં ચાલુ વર્ષે રીપેરીંગ અને નવા તબલાઢોલક ના ઓર્ડરો મળી રહ્યા છે. સાથે અભરાયે મુકાયેલા વાજિંત્રો નું રીપેરીંગ વર્ક પણ વધ્યું છે..ત્યારે કારીગરો માંપણ ભારે ઉત્સાહ છે. તો તેને વગાડતા કલાકારો માં પણ ભારે ઉત્સાહ ચાલુ વર્ષેજોવા મળ્યો છે જેને લઈ નવલી નવરાત્રી માં ચાલુ વર્ષેખેલૈયા ઓઢોલના ધબકારે અને તબલા ના તાલે મનમુકી ખેલૈયાઓ ઝૂમી ઉઠશે એ વાત ચોક્કસ છે.

દેશકાંઠા મેમન કાઉન્સિલ હિંમતનગર ની જનરલ સભાં યોજાઈ.

કમલમ્ન્યુઝ,ફઝલમેમણ

દેશકાંઠા મેમન કાઉન્સિલની જનરલ સભાં હિંમતનગર ખાતે આવેલ ખ્વાજા ગરીબનવાજ મેમન સમાજવાડી ખાતે યોજાઈ. ખ્વાજા ગરીબ નવાજ સમાજવાડી ખાતે પ્રમુખ અને ઓડિટર ની ચૂંટણી યોજાઈ. જેમાં દેસકાંઠા મેમન જમાત ને લગતી ૧૭ જમાતો ના પ્રમુખ નીચૂંટણી બેલેટ પેપર દ્વારા કરવામાં આવી.

૩ ઉમેદવારો એ ઉમેદવારી કરી જેમાં પહેલા નંબર પર જાકીરભાઈ સરહિન્દ....બીજા નંબરે સલીમભાઈ રોનક વાળા... અને ત્રીજા નંબરે ઈદ્રીસ ભાઈ ભદ્રેસર વાળા એ ઉમેદવારી કરી હતી. દેશકાંઠામેમન કાઉન્સિલ ના પ્રમુખ તરીકેનો તાજ સલીમ ભાઈ રોનક વાળા ને સોંપાયો હતો અને ઓડિટર તરીકે અબ્દુલ રહમાન ભાઈ બેક્કર નીપણ ભવ્યજીત થઈ હતી ચૂંટણી ચાલુ થતાપહેલા પ્રમુખ હા. હજી ભાઈ દોત્રોલી વાલા દ્વારા પ્રવચન આપી પોતાની બોડી નું વિસર્જન કરાયું હતું જેમાં મેમન સમાજ ના લોકો ખુબ મોટી સંખ્યા માં હાજર રહી વોટ આપ્યા હતા. જનરલસભાં પહેલાજમવાનું સુંદર આયોજન કરાયું હતુ.

કમલમ્ ન્યુઝ,

જૂનાગઢ લોકસભા પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત કોડીનાર વિધાનસભા કોર કમિટીની એક બેઠક રેતીની ઓફિસે રાખવામાં આવી હતી. જેમાં લોકસભાના સંયોજક ઝવેરિભાઈ ઠકરાર, સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પીઠીયા લોકસભા સહ સંયોજક ચંદ્રેશભાઈ હેરમાં તથા વજુભાઈ વાજા લોકસભા વિસ્તારક વૈભવભાઈ પટેલ દ્વારા પ્રવાસ દરમિયાન લોકસભાના વિવિધ પ્રકલ્પો અને સરકારની વિવિધ યોજનાઓ તથા સાગઠનાત્મક તેમજ પ્રવાસ અને સોસીયલ મીડિયામાં પ્રચાર,પ્રસાર વિશે વિધાનસભા સંયોજક, સહ સંયોજક સાથે બેઠક કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું આ તકે ધારાસભ્ય પ્રદ્યુમનભાઈ વાજા, શિવાભાઈ સોલંકી, જિલ્લા હોદ્દેદારો શૈલેન્દ્રભાઈ રાઠોડ, રમેશભાઈ, મહેશભાઈ, હરિભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

સુરતના સરસાણા ખાતે વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'વાયબ્રન્ટ ગુજરાત, વાયબ્રન્ટ સુરત' સમિટ યોજાઈ

કમલમ્ ન્યુઝ,

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ સફળતાપૂર્વક બે દાયકા પૂર્ણ કરી રહીછે, જેના ભાગરૂપે તેમજ આગામી 'વાયબ્રન્ટ ગુજરાત-૨૦૨૪'ની પ્રિ-ઈવેન્ટ અંતર્ગત સુરતના સરસાણા કન્વેન્શન હોલ ખાતેવન, પર્યાવરણ રાજયમંત્રીશ્રી મુકેશભાઈ પટેલની 'વાયબ્રન્ટ ગુજરાત,વાયબ્રન્ટ સુરત' સમિટ યોજાઈ હતી. જેમાં સુરતના ઉદ્યોગકારોએ રાજ્ય સરકાર સાથે રૂ.૫૭ કરોડનાએમ.ઓ.યુ. કર્યા હતા, જેનાથી અંદાજે ૩૫૦થી વધુ વ્યક્તિઓને રોજગારી મળશે.સમિટમાંવાજપાઈ બેંકેબલ યોજના, MSME y1ને સ્ટાર્ટઅપ લોન સહાય, લેબગ્રોન ડાયમંડ યુનિટ અને પોલિમર મેન્યુફેક્ચરિંગ યુનિટ શરૂ કરવામાટે સહાય જેવી વિવિધયોજનાઓના લાભાર્થીઓને લોનસહાયના ચેકો મંત્રીશ્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા. વાયબ્રન્ટ ગુજરાત-૨૦૨૪ની પ્રિ-ઈવેન્ટ સમાન આ સમિટમાં નિષ્ણાત વકતાઓએ ઉદ્યમ રજિસ્ટ્રેશન, સિંગલ વિન્ડો ક્લિયરન્સ એક્ટ, MSME, આત્મનિર્ભર ગુજરાત સ્કીમ-૨૦૨૨, ગુજરાત ટેક્ષટાઈલ પોલિસી-2019, ZED સર્ટિફિકેટ પ્રક્રિયા, વિવિધ ઈન્ડસ્ટ્રીઝ ફ્રેન્ડલી સ્કીમ, બેંકિંગ અને ફાયનાન્સ, PM માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝીસ (PMFME) સ્કીમ, ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ, જેમ અને જ્વેલરી ક્ષેત્રમાં રહેલી તકોની જાણકારીઆપવામાં આવી હતી. ઉપરાંત, મધ્યમ અને નાના ઉદ્યોગકારો તેમજ રોકાણકારોને પેનલ ડિસ્કશન, સ્ટાર્ટઅપ, નેટવર્કીંગ સેશન, બીટુબી અને બીટુસી મિટીંગ દ્વારા માર્ગદશન આપ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'વાયબ્રન્ટ સમિટ' ગુજરાતમાં ઔદ્યોગિક ક્ષેત્રે રહેલી અપાર સંભાવનાઓને ઉજાગર કરવાનું આગવું માધ્યમ બની છે. ગુજરાતમાં નવા ઉદ્યોગો વિકસે, નવી ટેકનોલોજીઅને રોજગારની નવીન તકો ઉભી થાય એવા વિઝન સાથે બે દાયકા પહેલાં વડાપ્રધાનશ્રીએ વાઈબ્રન્ટગ સમિટનો વિચાર આપ્યો હતો, વડાપ્રધાનશ્રીએ ૨૦ વર્ષ પહેલા રોપેલુંવાયબ્રન્ટ સમિટનુંબીજ આજે વટવૃક્ષ બન્યું છે. દેશભરમાં વિકાસના મોડેલ સ્ટેટ તરીકે પ્રસ્થાપિત થઈ રહેલુ શાંત અને સૌમ્ય ગુજરાત દેશ-વિદેશના રોકાણકારોમાટે 'બેસ્ટ ડેસ્ટીનેશન

ફોર ઈન્વેસ્ટમેન્ટ' બન્યું છે. અદ્વિતીય વિકાસથીગુજરાતે સમગ્ર દેશને રાહ ચીંધી છે. રાજ્ય સરકારની હકારાત્મક નીતિઓના કારણે રોકાણકારો અહીં ઉદ્યોગો સ્થાપવા આકર્ષાઈ રહ્યા છે. વાયબ્રન્ટ સમિટ અંગે જાગૃતતા વધારવા તમામ જિલ્લા સ્તરે પ્રિ-વાયબ્રન્ટ સમિટનું આયોજન થઈ હોવાનું જણાવતામંત્રીશ્રીએ ઉમેર્યું કે, 'વાયબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ' પહેલથી અનેક નાના ઉદ્યોગકારો રાજ્ય સરકાર સાથે એમ.ઓ.યુ દ્વારા જોડાઈ રાજ્ય - જિલ્લામાં નવી રોજગારીનું સર્જન કરવામાં યોગદાન આપી રહ્યા છે. વધુમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વનું પાંચમું સૌથી મોટુ અર્થતંત્ર બન્યુંછે, અને વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારતને પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાનું લક્ષ્ય સાકાર કરવામાંગુજરાતમહત્વપૂર્ણ યોગદાન આપશે એમ જણાવી 'સૌના સાથ, સૌના વિકાસ' મંત્રથી રાજયને વિકાસના પથ પર વધુ અગ્રેસર બનાવવાનાસાર્થક પ્રયાસો કરવામંત્રીશ્રીએ અનુરોધકર્યોહતો. મેયરશ્રી દક્ષેશમાવાણીએ મંત્રીશ્રી સહિત મહાનુભાવોને આવકારતા સુરત શહેરના વિકાસની ગાથા વર્ણવી હતી. સુરતનું સુદ્રઢ શહેરીકરણ, સુગ્રથિત વિકાસ, સ્વચ્છતા, પ્રજા અને પ્રશાસનના વિકાસોન્મુખ અભિગમની છણાવટ કરી હતી. આ સમિટમાં L&T-સુરત યુનિટના વાઈસપ્રેસિડેન્ટ શ્રી શિરીષઅંત્રોલિયાએ એલએન્ડ ટી. એ સુરતના હજીરામાં સ્થાપેલા ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ વિષે જાણકારી આપી હતી. તેમણે સોલારની મદદથી થતા ગ્રીન હાઈડ્રોજન જનરેશનવિષે જણાવ્યું કે, એલ એન્ડ ટી એનર્જી (ગ્રીન ટેક)એ ઈલેક્ટ્રોલાઈઝર્સદ્વારા ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન માટેનો ભારતનો સર્વ પ્રથમ પ્લાન્ટ શરૂ કર્યોછે. જે મોબિલિટી, ઘરેલું ગેસના મિશ્રણ તેમજ ઔદ્યોગિક વપરાશ માટે ઉપયોગ કરીશકાય છે. બિઝનેસ ફેસિલિટેટર અને ટ્રેઈનરશ્રી સાગર સોનીએ ગેવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ-(GEM) વિશે વિસ્તૃત વિગતો આપી બાયર અને સેલર્સ માટે આ ઓનલાઈન સેલિંગ વેબસાઈટ અંતર્ગત વ્યવસાયિક તકો અંગે રૂપરેખા આપી હતી. ઔદ્યોગિક ક્ષેત્રના તજજ્ઞ વિરેન્દ્ર વડગામાએ ઉદ્યોગોમાટે સહાય આપતા ગોલ્ડ, સિલ્વર, અને બ્રોન્ઝલેવલના ઝીરો ડિફેક્ટ ઝીરો ઈફેક્ટ(ZED) સર્ટિફિકેટ અને તેનાથી થતા લાભો અંગે સમજ આપીહતી. જેમ્સએન્ડ જવેલરી એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC)ના શ્રી દિનેશનાવડિયાએ કેન્દ્રઅને રાજ્ય સરકાર તરફથી મળતા ઔદ્યોગિક પ્રોત્સાહન, હીરા ઉદ્યોગના નાના એકમોને માર્ગદર્શન અને મદદ આપતા GJEPC દ્વારા ઉદ્યોગ અને આ ક્ષેત્રના કામદારોના સશક્તિકરણ અને આરોગ્ય માટે થતી કામગીરી અંગે માહિતગાર કર્યા હતા. નાયબ બાગાયત નિયામકશ્રી દિનેશભાઈ પડાલિયાએ પ્રધાનમંત્રી ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગએન્ટરપ્રાઈઝીસ(PMFME) યોજના વિષે જણાવી નાના ઔદ્યોગિક જૂથોને મળતા લાભોની ચર્ચા કરી હતી. તેમજ ઝીરો કોલેટરલ પદ્ધતિ સાથે મળતી બેંક લોન વિષે, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર એમ.કે.લાડાણી અને વી.આર.પંડ્યાએ કુટિર ઉદ્યોગો માટેનીયોજનાઓ તેમજ તેના માટે મળતી લોન અને સબસિડી અને લીડ ડિસ્ટ્રીક્ટ મેનેજર બકુલ ચૌધરીએ માઈક્રો, સ્મોલ અને મીડિયમ જેવા ૩ ભાગોમાં વિભાજીત MSME ઉદ્યોગોના વિકાસ માટે અપાતી વિવિધ બેંક લોનની માહિતી આપી હતી. વિષે જણાવ્યું હતું. નોંધનીય છે કે, રાજ્ય સરકાર દ્વારાઆગામી જાન્યુઆરી-૨૦૨૪ દરમિયાન ગાંધીનગરમાં યોજાનાર 'વાયબ્રન્ટ ગુજરાત સમિટ'ના ભાગરૂપેદરેક જિલ્લામાં તા.૨ થી ૧૨ ઓકટોબર દરમિયાન વાયબ્રન્ટ ડિસ્ટ્રીકટ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. શે. જેના ભાગરૂપે આંત્રપ્રિન્યોરશીપ અંગે વિવિધ વિષયો ઉપર એક્ષપર્ટ સેમિનાર, પેનલ ડિસ્કશન અને ભવ્ય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ધારાસભ્યશ્રી મોહનભાઈ ઢોડિયા, જિલ્લા કલેક્ટરશ્રી આયુષ ઓક, મ્યુ. કમિશનર શાલિની અગ્રવાલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.કે.વસાવા, ડે.મેયર ડો.નરેન્દ્ર પાટીલ, સ્થાયી ચેરમેનશ્રી રાજન પટેલ, સ્ટાર્ટઅપ સાહસિકો, ઈન્ડસ્ટ્રીઝ અનેજિલ્લા વહીવટીતંત્ર અને મનપાનાઅધિકારીઓ સહિત ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છ યુનિવર્સીટી ની તમામ કોલેજો ની પવાર લીફ્ટીંગ ની સ્પર્ધા ભુજ માં યોજાશે

કમલમ્ ન્યુઝ,ભુજ

આ વખતે પહેલી વાર કચ્છ યુનિવર્સીટી એ તેના તાબા હેઠળની તમામ કોલેજો નિ વર્ષ ૨૦૨૩-૨૪ માટેની પાવર લીફટીંગ ની સ્પર્ધા ભુજ ખાતે યોજવાનું ઠરાવ્યું છે.છેલા ઘણા વર્ષો થી આ સ્પર્ધા આદિપુર ખાતે યોજાતી હતી.આ વખતે ચાણક્ય સંસ્થાન ની ફીઝીઓ થેરાપી ની કોલેજ જે જનરલ હોસ્પિટલ ની સામે લોટસ વિસ્તારમાં છે ત્યાં યોજાશે . કચ્છયુનિવર્સીટી નાકુલસચિવ જી એમ બુટની એ આ વર્ષે બીજીવાર કાશ્મીર ના શ્રીનગર ખાતે પોતાના વજન ગ્રોઉપ માં ગોલ્ડ મેળવનાર અને તેગ્રુપ માં સૌથીવધુ વજન ઊંચકી ચેમ્પ્યન નો નાચેમ્પ્યન બનારઅને ફીઝીઓથેરાપી નોઅભ્યાસ કરતાભુજ ના વત્સલ મહેશ્વરી કચ્છ યુનિવર્સીટી નાકુલપતિ ડૉક્ટર હીરાનીદ્વારા સન્માન પ્રસંગે બોલતાઆ જાહેરાતકરતા જણાવ્યું હતું કેદક્ષીણ અને પશ્ચિમ ની કોલેજોભુજ નીકોલેજો ભુજ ખાતે હોવાથીઆ વખતેપહેલી વારભુજ ની પસંદગી ઉતારી હતી. તેમણે કહ્યું હતું કે ચાણક્ય જૂથ ની સંસ્થાનો ના મેનેજીંગ ટ્રસ્ટી પંકજ મેહતા એ યજમાન બનવાની સામે થી રાજીપો બતાવ્યો હતુંજે આ શિક્ષણ શાસ્ત્રી નીસ્પોર્ટ્સ માટેનો લગાવબતાવે છે. કુલપતિ હિરાણી અને વત્સલ નીઆ અનોખીપાવર લીફટીંગજેવી કઠીન રમત મે નાનીવયે સતતબીજીવાર રાષ્ટ્રીય ચેમ્પ્યન અને આંતર રાષ્ટીય કક્ષાના સ્પર્ધકો ને હરાવી વિજેતાબનવા બદલ તેમને કચ્છ યુનિવર્સીટી નો ગૌરવ ગણાવ્યો હતો અને એવો વિશ્વાસ વ્યકત કર્યો હતો કેતે આંતર યુનિવર્સીટી માંઅવ્વલ આવી કચ્છ યુનિવર્સીટીને ગૌરવ અપાવશે

કમલમ્ ન્યુઝ,

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ પ્રેરિત શહીદોના સ્મરણાર્થે આયોજિત "મેરી માટી મેરા દેશ" કાર્યક્રમ અંતર્ગત મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ પંચ પ્રણના શપથ લઈ 'અમૃત કળશ યાત્રા' પ્રસંગે વોર્ડ નં-૯ માં સેકટર-૩ ખાતે સહભાગી બન્યા હતા. આ અવસરે મેયરશ્રી એ જણાવ્યું હતું કે આવો, આપણે સૌ આ યાત્રામાં જોડાઈ માટીને નમન કરીએ અને વીરોને વંદન કરીએ. આ કાર્યક્રમમાં સ્થાનિક કાઉન્સિલરશ્રીઓ, શહેર મહામંત્રીશ્રી, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

શહેરા ખાતે વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઈ ભરવાડ ના અધ્યક્ષસ્થાને કૃષિ મેળાનું આયોજન કરાયું

કમલમ્ ન્યુઝ,ગોધરા

આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ ૨૦૨૩ અંતર્ગત 'મિલેટ ડેવલપમેન્ટ યોજના"હેઠળ શહેરા,નગરપાલીકાહોલ ખાતેવિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઈ ભરવાડનીઅધ્યક્ષતામાં કૃષિમેળો યોજાયોહતો.સમયની માંગ સાથે મિલેટ અનાજ અંગે લોકોમાં જનજાગૃતિ વધે તથા લોકો રોજીંદા જીવનમાંમિલેટ ધાન્યનો વપરાશ કરતાથાય તેહેતુથી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રિય મિલેટ વર્ષ તરીકે ઘોષિત કરવામાં આવ્યું છે.મિલેટ અનાજો વિવિધ મિનરલથીભરપૂર હોય છે, જે શરીરમાં ઘણા પોષક તત્વોપૂરા પાડેછે.મિલેટ ધાન્યનોરોજીંદા જીવનમાંવ્યાપ વધારવા સરકારશ્રી તરફથી જન જાગૃતિ વધારવા માટે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. કૃષિ મેળામાં વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રીએ પોતાના ઉદબોધનમાંજણાવ્યું હતુંકે, દરેક ખેડૂત મિલેટપાકોનું વાવેતર કરે તેમજ પ્રાકૃતિક કૃષિ તરફ વળી રસાયણોથી થતા રોગોથીબચવા માટે આહવાન કરી પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદિતકૃષિપેદાશોના વેચાણ માટે પંચામૃત ડેરીનો સંપર્ક કરવા ખેડૂતોનેજણાવ્યું હતું.કાર્યક્રમમાંપાક સંરક્ષણસાધનો, તાડપત્રી તેમજ વિવિધયોજનાઓના પેમેન્ટ ઓર્ડર મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાંઆવ્યા હતા. કાર્યક્રમના બીજા ભાગમાં એજીઆર-૫૦ ટ્રેકટર સહાય યોજનાનાલાભાર્થીઓ દ્વારાખરીદેલ ટ્રેકટરોનીચકાસણી જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, મદદનીશ ખેતી નિયામક, પેટાવિભાગ ગોધરા,મદદનીશ ખેતી નિયામક ગુ.નિગમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કૃષિ મેળામાં મકાઈ સંશોધન કેન્દ્ર ગોધરાના વૈજ્ઞાનિકશ્રી કનુભાઈ પટેલ દ્વારા મકાઈની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અને જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી એમ.જી.પટેલદ્વારા ખેતીવાડીખાતાની સહાયયોજના અને મિલેટ ધાન્યના મહત્વ અંગે લોકોને જાણકારી આપીહતી. આકૃષિ મેળામાં શહેરા તાલુકા પ્રમુખ શ્રીમતી પુંજીબેન ચારણ, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી એમ.જી.પટેલ, જિલ્લા અગ્રણીશ્રી જીગ્નેશભાઈ પાઠક, જીલ્લા પંચાયતના સદસ્યશ્રી,એ.પી.એમ.સી ચેરમેનશ્રી/વાઈસ ચેરમેનશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, વિસ્તરણ અધિકારીશ્રી (ખેતી)બી.એમ.બારીયા તથામોટી સંખ્યામાંલોકો ઉપસ્થિત રહ્યા હતા.

મેગા સફાઈ અભિયાન અંતર્ગત જી.એમ. ઈ.આર.એસ. મેડિકલ કોલેજ, હિંમતનગર ખાતે સફાઈ કરાઈ

કમલમ્ન્યુઝ,ઈકબાલમેમણ

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે મેગા સફાઈ અભિયાન ૧૧ ઓક્ટોબર સુધી યોજાનાર છે. જેમાં હિંમતનગર શહેરના તમામ વોર્ડમાં નામાંકિત કોન્ટ્રાક્ટરો દ્વારા સફાઈ કરવામાં આવી રહી છે.મહા સફાઈ અભિયાનના ભાગરૂપે જી.એમ. ઈ.આર.એસ.મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ હિંમતનગર ખાતે કેમ્પસ પરિસરમાં મેડિકલ સુપ્રિટેન્ડેન્ટશ્રી, સી.ડી.એમ.ઓશ્રી, મેટ્રન, સ્ટાફ નર્સ, એડમીન સ્ટાફ, એસ.આઈ. સેવકોશ્રી સાથે ૩૫૦ થી વધુ લોકોએ સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો હતો. જેમાં ૧૦૦ થી વધુ મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ હતા.આ સ્વચ્છતા અભિયાનમાં હિંમતનગર નગરપાલિકા અને હડિયોલ ગ્રામ પંચાયતના સહયોગથી જરૂરી સાધનો થકી સફાઈ કરીએકત્રિત કરાયેલો ક્ચરો ડમ્પીંગસાઈડ પર નિકાલ કરવામાં આવ્યો હતો.

શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોરના અદયક્ષસ્થાને ગોધરા ખાતે પંચમહાલ અને મહિસાગર જિલ્લાના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો

કમલમ્ ન્યુઝ,ગોધરા

ગુજરાતના શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષસ્થાને ગોધરા બી.આર.જી.એફ ભવન ખાતે પંચમહાલ અને મહિસાગર જિલ્લાના અંદાજે ૬૦ જેટલા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો હતો.કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય,ગણેશ વંદના અને પ્રાર્થના થકી કરાઈ હતી. આ પ્રસંગે શિક્ષણમંત્રીશ્રીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે,આજે રાજ્યમાં પંચમહાલ અને મહિસાગર જિલ્લાના વિદ્યાર્થીઓ રેક્રમા આવીને પોતાની પ્રતિભાશાળી કારકિર્દીબનાવીરહ્યા છે.જ્યારે કોઈ વિદ્યાર્થી ભણવામાં તેજસ્વીહોયઅને રેક્રમાંઆવે ત્યારે તેનું સન્માન અવશ્ય થવું જોઈએ.આ તકેશિક્ષણમંત્રીશ્રી અને ઉપસ્થિત વિવિધ મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અને મેડલ આપીને સન્માનિત કરાયા હતા.

કાર્યક્રમમાંઉપસ્થિત ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરશ્રી પ્રતાપસિંહ ચૌહાણે જણાવ્યું કે, આજના વાલીઓને બાળકની પ્રતિભાને ઓળખવાની જરૂર છે.ચારિત્ર્ય નિર્માણ થી દેશ નિર્માણ તરફ વિદ્યાર્થીઓને આગળ લઈ જવા સૌકોઈની જવાબદારી બને છે.સન્માનએ માનસપટલપર અસર કરતીઘટનાછે. કાર્યક્રમમાં પંચમહાલ અને મહિસાગર

જિલ્લાના ધોરણ ૧૦,૧૨ અને નીટની પરીક્ષામાં શ્રેષ્ઠપરિણામ મેળવનાર વિદ્યાર્થીઓ, વાલીઓ, નિવાસી અધિક જિલ્લા કલેકટરશ્રી એમ.ડી.ચુડાસમા, પોલીસ અધિક્ષકશ્રી હિમાંશુ સોલંકી, વાઈબ્રન્ટ વેવએકેડમીનાશ્રી અનિલ પંડ્યા,દિવ્ય ભાસ્કર રિઝનલ હેડશ્રી સમીરભાઈ જાની,શ્રી હેતલ મોદી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

ભરૂચના ઉમરાજગામથી અમૃત કળશ યાત્રાનું આગમન થતા ભરૂચ જિલ્લા ભાજપ દ્વારા તેનું ભવ્ય સ્વાગત કરાયું હતું.

રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે ભોલાવ જિલ્લા પંચાયતમાં અમૃત કળશ યાત્રાનું રવિવારે આગમન થયું હતું.

રાષ્ટ્રીય એકતા અને અખંડીતતાને ઉજાગર કરવા દેશના વીર શહીદોને શ્રદ્ધાંજલિ આપવા મારી માટી મારો દેશ અભિયાનનું આયોજન કરાયું છે.

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

ઉમરાજ ગામે અમૃત કળશનું આગમન થતા ભરુચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, જિલ્લા પ્રમુખ મારુતિસિંહ અટોદરિયા, જિલ્લા મહામંત્રી નિરલ પટેલ, શહેરપ્રમુખ પ્રકાશપટેલ, બાંધકામ સમિતિના અધ્યક્ષ ધર્મેશ મિસ્ત્રી, નિશાંત મોદી તેમજ યાત્રાના ઈન્ચાર્જ મૌલિકમિસ્ત્રી સહિતનાએ ભવ્ય સ્વાગત કર્યું હતું. દેશની માટી,વીરોને વંદન હેઠળ વડાપ્રધાન નરેન્દ્ર મોદીદ્વારા દિલ્હીમાં અમૃત વાટિકાનું નિર્માણ થઈ રહ્યું છે. શહીદોના સન્માનમાં પ્રત્યક દેશવાસીઓને બે ચપટીમાટી અને બે ચપટી ચોખાના યોગદાનનો અવસર કળશ યાત્રા થકી મળ્યો હોવાનું ધારાસભ્યે કહ્યું હતું. ઉમરાજથી અમૃત કળશ યાત્રા નંદેલાવ, મંગલદીપસોસાયટી અને સાંજે જ્યોતિનગર થઈ રામજી મંદિર પોહચી હતી. જ્યાં ઠેર ઠેર મહાનુભવો અને સ્થાનિકો દ્વારા અમૃત કળશને વંદન કરી પોતાનું યોગદાન દેશ, દેશની માટી અને શહીદોપ્રત્યે અર્પણ કરાયું હતું.

નાયબ મુખ્ય દંડકશ્રી રમણભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને બોરસદ તાલુકાના વિવિધ ગામો ખાતે 'અમૃત કળશ' યાત્રા યોજાઈ

કમલમ્ન્યુઝ,બીનાપટેલ

આણંદ, રવિવાર દેશની એકતા અને અખંડિતતાને વધુ મજબૂત કરવા તથા દેશના વીર શહીદોને શ્રદ્ધાંજલિઅર્પણ કરવાના ઉમદા હેતુથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ 'મારી માટી, મારો દેશ' અભિયાન અંતર્ગત સમગ્ર દેશની સાથેઆણંદ જિલ્લામાંપણ 'અમૃત કળશ' યાત્રા યોજાઈ રહી છે. જે અન્વયે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી રમણભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને આજે બોરસદ તાલુકાના રાસ, સૈજપુર, વાસણા-રાસ, બનેજડા, કાંધરોટી, કણભા, અમીયાદ અને દિવેલ સહિતના ગામોમાં 'અમૃત કળશ' યાત્રા યોજાઈ હતી. આ યાત્રા દરમિયાન મહાનુભાવોએ અમૃત કળશમાટે ગ્રામજનોપાસેથી માટી-ચોખા એકત્રિત કર્યા હતા. વિવિધ ગામોમાં યોજાયેલ 'અમૃત કળશ' યાત્રાને ગામના સરપંચ, અગ્રણીઓ, પદાધિકારીઓ તેમજ ગ્રામજનોએ ઢોલનગારાના સ્વાગત સાથે આવકારીને તેમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

હિમાચલ પ્રદેશના માન. રાજ્યપાલશ્રી શિવ પ્રતાપ શુક્લાએ એક્તાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સરદાર સરોવર ડેમની લેડી ગવર્નર સાથે ભાવસભર મુલાકાત લીધી

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાના નિર્માણ અને તેમણે કરેલા કાર્યોને પ્રદર્શનમાં સુંદર રીતે પ્રદર્શિત કરાયા અને ફિલ્મ દ્વારા દેશની અખંડિતતા માટે કરેલા કાર્યો અહીં પ્રસ્તુત કરાયા છે તેને નિહાળીને માન. રાજ્યપાલશ્રી અભિભૂત થયા

કમલમ્ ન્યુઝ,રાજપીપલા

હિમાચલ પ્રદેશના મહામહિમ રાજ્યપાલશ્રી શિવ પ્રતાપ શુકલા અને લેડી ગવર્નર શ્રીમતીજાનકી શુક્લાઅને તેમની સાથે પધારેલામહેમાનો વડોદરાથી એક્તાનગર વીવી.આઈ.પી. સર્કિટ હાઉસ ખાતે આવી પહોંચતા નાંદોદના પ્રાંત અધિકારીશ્રી શૈલેષ ગોકલાણી અને નાયબ કલેકટર પ્રોટોકોલશ્રી એન .એફ. વસાવા દ્વારારાજ્યપાલશ્રીનું પુષ્પગુચ્છથી ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સર્કિટ હાઉસથી સાંજે માન. રાજ્યપાલશ્રી સીધા સરદાર સરોવર ડેમ ખાતે આવી પહોંચ્યા હતા. ત્યાં સરદાર સરોવર ડેમના મુખ્ય ઈજનેરશ્રીરાજેન્દ્ર કાનુન્ગો અને અધિક્ષક ઈજનેરશ્રી જે.કે. ગરાસીયા દ્વારા આવકારવામાં આવ્યા હતા. અને સરદાર સરોવર ડેમ અંગે શ્રી કાનુન્ગોએ વિસ્તૃત જાણકારી આપીને માન. રાજ્યપાલશ્રીને માહિતગાર કર્યા હતા. સરદાર સરોવર ડેમના નિર્માણ કાર્ય અને ડેમની જળ સંગ્રહ શક્તિ તથા વિસ્થાપિતોના પુનઃ સ્થાપન અંગેની વિગતો આપી હતી.વર્ષ ૨૦૧૯માં નર્મદા ડેમ ૧૩૮.૬૮ મીટરનીપૂર્ણ સપાટીએ ભરાતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નર્મદા નીરનાં વધામણા કર્યા હતા. વર્ષ ૨૦૨૦, ૨૦૨૨ અને ૨૦૨૩માં ચોથી વાર આ સરદાર સરોવર ડેમ ઐતિહાસિક સપાટીએ ભરાયો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ

૨૦૧૪ માં દેશનું સુકાન સંભાળ્યાના માત્ર૧૭દિવસમાં જ આ બહુહેતુક સરદાર સરોવર નર્મદા ડેમનેપૂર્ણ ઊંચાઈ સુધી લઈ જવાની મંજૂરી આપી હતી અને ગુજરાતના વર્ષો જુના પ્રશ્નનો અંત લાવી રાજ્યને ઉજ્જ્વળ ભવિષ્યની દિશા આપી હતી. રાજ્ય સરકારે પણ મંજૂરી મળ્યાના દિવસથી જ કામગીરીનો આરંભ કરીને નર્મદા બંધની પૂર્ણ ૧૩૮.૬૮ મીટરની ઊંચાઈ સુધી પહોંચાડવાનું કાર્ય નિયત સમય કરતાં ૭ મહિના વહેલું પુર્ણ કરી દીધું હતું. વડાપ્રધાનશ્રીના જ વરદ્ હસ્તે તા. ૧૭ મી સપ્ટેમ્બરે આ બહુહેતુક યોજના રાષ્ટ્રને અર્પણ કરવામાં આવી છે. નર્મદા મૈયાના પાવન જળ એકતાનગરથી ૭૪૩ કિલોમીટરની યાત્રા પૂરી કરીને કચ્છના છેક છેવાડાના વિસ્તાર મોડકુબા સુધી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને રાજ્ય સરકારના ઈજનેરી કૌશલ્યથી પીવાનું પાણી અને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.ગુજરાતના ૯૧૦૪ ગામો, ૧૬૯ શહેરો અને ૭ મહાનગરપાલિકામળી રાજ્યની ૪ કરોડથી વધુ જનસંખ્યાને પીવાના પાણી તરીકે નર્મદા જળ પહોંચી રહ્યા છે. એટલું જનહિ, ૬૩,૪૮૩ કિલોમીટર લંબાઈનાનહેરના કામો પૂર્ણ થઈ ગયા છે, તેના પરિણામે કચ્છ સહિત રાજ્યના ૧૭ જિલ્લાના ૭૮તાલુકાની ૧૬.૯૯ લાખ હેકટર જમીનને સિંચાઈ સુવિધા મળે છે. ચીફ ઈજનેરશ્રી કાનુન્ગાએ મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાતને આ સરદાર સરોવરથી મળતા લાભાલાભ અંગે માન. રાજ્યપાલશ્રીને માહિતગાર કર્યા હતા અને ૨૦૦ મેગાવોટના ૬ ટર્બાઈન દ્વારા૧૨૦૦ મેગાવોટનું દૈનિક વીજ ઉત્પાદન થાય છે અને અંદાજે ૬ કરોડ રૂપિયાનું દૈનિક વીજ ઉત્પાદન થાય છે તેમ જણાવ્યું હતું. માન. રાજ્યપાલશ્રી સરદાર સરોવર ડેમથી સીધા વિશ્વની સૌથી ઉંચીપ્રતિમા સ્ટેચ્યૂઓફ યુનિટીની મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં જે ના ગાઈડ શ્રી ઝુબિન ગમીર દ્વારા સરદાર સાહેબની પ્રતિમા નિર્માણ અને સમયબદ્ધ રીતે કરેલી કામગીરીઅને વિવિધપ્રકલ્પો વિશે રાજ્યપાલશ્રીને વાકેફ કર્યા હતા. અને સરદાર સાહેબના જીવન, કવન, પ્રદર્શન તથા ઓડિયો-વિઝ્યુઅલ ફિલ્મ નિહાળીને સરદાર સાહેબે કરેલાએક ભારત શ્રેષ્ઠ ભારતઅને દેશનીએકતા અને અખંડિતતાના કાર્યોથી ફિલ્મના માધ્યમથી અવગત થયા હતા અને વ્યૂઈંગ ગેલેરી પરથી ડેમ દર્શન, નર્મદા મૈયાના દર્શન તથા સરદાર સાહેબના ચરણોમાંસમૂહ તસવીર અને સેલ્ફી યાદગીરી રૂપે લીધી હતી.

અને ત્યારબાદ અભિપ્રાય બુકમાં સરદાર સાહેબના કાર્યો અને પ્રતિમા દર્શનઅને મુલાકાતથી ધન્યતાઅનુભવી હતી. સ્ટેચ્યૂ ઓફ યુનિટીનાઅધિકકલેક્ટરશ્રી ગોપાલ બાંભણીયાએ સરદાર સાહેબની પ્રતિકૃતિઅને કોફીટેબલબૂક ભેટ રૂપે અર્પણ કરી હતી. ત્યારબાદ રાજ્યપાલશ્રીએ પ્રોજેક્શન મેપિંગ શોપણ રસ પૂર્વક નિહાળીને આનંદ અને ગૌરવની લાગણી અનુભવી હતી અને અંતમાં રાષ્ટ્રગાનનું સન્માન કર્યું હતું. માન.રાજ્યપાલશ્રીનીઆ મુલાકાત વેળા તેઓની સાથે પધારેલા મહેમાનશ્રીઓ, સ્ટેચ્યૂ ઓફ યુનિટીના અધિકારીશ્રી-કર્મચારીશ્રી, ગરૂડેશ્વરના મામલતદારશ્રી મનીષભાઈ ભોઈ, સુરક્ષા કર્મીઓ સાથે જોડાયા હતા. માન. રાજ્યપાલશ્રી શિવ પ્રતાપ શુક્લા રાત્રિ રોકાણ બાદ બીજા દિવસે રવિવારેસવારે એકતાનગર સ્થિત ગુરૂકુલ હેલિપેડ ખાતેથી તેઓના નિર્ધારિત પ્રવાસે હેલિકોપ્ટર મારફત ગાંધીનગર જવા રવાના થયા હતા.

આઝાદી પહેલા સ્થપાયેલી આ સંસ્થા આજેપણ શિક્ષણક્ષેત્રે ઉદાહરણરૂપ કાર્યકરી રહી છે. - મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા

રાજકોટ ખાતે કાંતા સ્ત્રી વિકાસ ગૃહની મુલાકાત લેતા મંત્રીશ્રી પાનસેરીયા

કમલમ્ ન્યુઝ,રાજકોટ

સંસદીયબાબતો, પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ અને ઉચ્ચ શિક્ષણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ રાજકોટનાકાંતાસ્ત્રીવિકાસગૃહની મુલાકાત લીધી હતી. મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ આ પ્રસંગે ઉપસ્થિત છાત્રો તથા શિક્ષકગણને ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, આઝાદી પહેલા સ્થપાયેલી આ સંસ્થા આજે પણ શિક્ષણક્ષેત્રે ઉદાહરણરૂપકાર્ય કરી રહી છે.

આધુનિક માળખાકીય સુવિધા હોય પણ કેળવણી ન આપવામાં આવે તો વિદ્યાર્થીઓનું ઘડતર ન થાય, અહીં તમામ સુવિધાઓ સાથે સારામાં સારી કેળવણીપણ આપવામાંઆવી રહી છે. મંત્રીશ્રીએ વિદ્યાર્થીનીઓને સ્થાપક પરિવારનાડો. સુશીલાબેન શેઠ કેજે ગુજરાતનાએક સમયના મંત્રી રહી ચૂક્યા છે, તેમના જેવી સફળતા પ્રાપ્ત કરે અને સંસ્થાના વિચારો અને મૂલ્યોને જીવનમાં સાર્થક કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના તેમજ દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. આચાર્યા શ્રી જયશ્રીબેનવોરાએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને સંસ્થાના સ્થાપક શેઠ પરિવારનું પ્રદાન અને સંસ્થાના વર્તમાન કાર્યોની વિગત આપી હતી. પુસ્તક દ્વારા મંત્રીશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાની વિદ્યાર્થિનીઓની વિવિધ સિદ્ધિઓ વિષે વાત કરી હતી. મંત્રીશ્રીએ વર્ષની શ્રેષ્ઠ વિદ્યાર્થિની દર્શિતા ભટ્ટનું સન્માન કર્યું હતું. વિદ્યાર્થીનીએ મંત્રીશ્રી સમક્ષ શાળાની વિકાસગાથા રજૂ કરતી કવિતા પણ રજૂ કરી હતી.

ઉપરાંત,મંત્રીશ્રીએ શિક્ષિકાઓશ્રી આશાબેન મકવાણા તેમજ શ્રી સંગીતાબેન દવેનુંસન્માન કર્યું હતું. ટ્રસ્ટીશ્રી નેહાબેન દફતરીએ આભારદર્શન કર્યું હતું આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, ટ્રસ્ટીશ્રી અતુલભાઈ મોદી, જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના અધિકારીશ્રીઓ, છાત્રો તથા શૈક્ષણિક-બિન શૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

આણંદ સાંસદ મિતેશભાઈ (બકાભાઈ) પટેલ ના અદયક્ષ સ્થાને આણંદ વિધાનસભા ના કરમસદ શહેર ખાતે ' અમૃત કળશ ' યાત્રા યોજાઈ

કમલમ્ન્યુઝ,બીનાપટેલ

દેશની માટીનેનમન કરીએ અને વીરોનેવંદન કરીએ મારી માટી, મારો દેશ અભિયાન અંતર્ગત આણંદ વિધાનસભાના કરમસદ શહેર ખાતે અમૃત કળશ યાત્રાનીકળી જેમાં ઘરે ઘરે થી ચપટી માટી અને ચોખા એકઠા કરવામાં આવ્યા. આ પ્રસંગે સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, ધારાસભ્યશ્રી યોગેશભાઈ પટેલ, શહેર પ્રમુખશ્રી સુનિતભાઈ પટેલ, પૂર્વ સાંસદશ્રી દિલીપભાઈ પટેલશહેર મહામંત્રીશ્રી મેહુલભાઈ પટેલ, પૂર્વ કાઉન્સિલરશ્રીઓ, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિતરહ્યાં હતાં.

કમલમ્ ન્યુઝ,

આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી પ્રેરિત વીરોને વંદન માટે ખળી ગામ ખાતે 'મેરી માટી મેરા દેશ' કાર્યક્રમ અંતર્ગત પંચ પ્રણના શપથ લઈ 'અમૃત કળશ યાત્રા' પ્રસંગે માનનીય કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.આ યાત્રામાં બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષ મયંકભાઇ નાયક, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ નંદાજી ઠાકોર, પાટણ જિલ્લા ભાજપ પ્રમુખ દશરથજી ઠાકોર, સિધ્ધપુર તાલુકા ભાજપ પ્રમુખ વિક્રમસિંહ ઠાકોર, તાલુકા પંચાયત પ્રમુખ ગીરીબેન ઠાકોર, એપીએમસી ના ચેરમેન વિષ્ણુભાઈ પટેલ, પાટણના ડીડીઓ ડીએમ સોલંકી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી આર.કે મકવાણા, પ્રાંત અધિકારી સંકેતભાઈ પટેલ સ્થાનિક આગેવાનો, મોટી સંખ્યામાં ગ્રામજનો અને કાર્યકરો પણ જોડાયા.

કમલમ્ ન્યુઝ,

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ, હરિદ્વાર પ્રેરિત વૃક્ષ ગંગા અભિયાન અંતર્ગત આણંદ જિલ્લા ગાયત્રી પરિવાર, યુવા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજિત વૃક્ષા રોપણ કાર્યક્રમમાં સાંસદશ્રી મિતેષભાઈ પટેલ, આણંદના ધારાસભ્યશ્રી યોગેશભાઈ પટેલ, જિલ્લા મહામંત્રીશ્રી સુનિલભાઈ શાહ, કરમસદ શહેર સંગઠન પ્રમુખશ્રી સુનિતભાઈ પટેલ, પૂર્વ સાંસદશ્રી દિલીપભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતમાં જ્ઞાનનો અસીમ ભંડાર: ડૉ. ઓમ પ્રકાશ પાંડે

ભારતીય જ્ઞાન પરંપરા અને ચંદ્રયાન-૩ પર આયોજિત વિશેષ વ્યાખ્યાનમા નિષ્ણાતોએ વાત કરી હતી.

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર.

ભારતીય જ્ઞાન પરંપરા સમૃદ્ધ વારસો છે. ચંદ્રયાન-૩ના સફળપ્રક્ષેપણ સાથેઆપણે સાબિત કર્યું છે કે ભારત પાસે ભવિષ્યની તમામશક્યતાઓમાટે વિશાળ તકો છે. ગુજરાતસેન્ટ્રલ યુનિવર્સિટીના સેન્ટર ફોર ઈન્ટરનલ ક્વોલિટી એન્ડ એશ્યોરન્સદ્વારા "ચંદ્રયાન-૩ અને ભારતીય જ્ઞાન પરંપરા" વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાનમાં વિશ્વ સંસ્કૃત પત્રકાર પરિષદ, નવી દિલ્હીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ભારતીય સંસ્કૃતિ પત્રિકા સંઘના મહામંત્રી ડો.બલદેવાનંદ સાગરે અતિથિ વક્તા તરીકે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે ભારત વિશ્વનો એકમાત્ર સંસ્કૃતિ અને કૌશલ્યથી સમૃદ્ધ દેશ છે. આ સમય છે કે આપણે આપણું ટેકનિકલ કૌશલ્ય અને અવકાશ સંશોધન પ્રત્યેનું અનોખું જ્ઞાન વિશ્વને આપીએ. ભારતીય જ્ઞાન પરંપરા અમર્યાદ ઉર્જાનો સ્રોત છે. પ્રાચીન કાળથી લઈને આધુનિક સમય સુધી, ઘણા એવા વૈજ્ઞાનિકો છે જેમણે સમગ્ર વિશ્વમાં આપણી સંસ્કૃતિનો પ્રચાર કર્યો છે. આ જ્ઞાનપરંપરા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં પણ

પ્રતિબિંબિત થતી જણાય છે. ડૉ.સાગરે સંસ્કૃત ભાષા વિશે કહ્યું કે તે અદ્ભુત છે. વિશ્વની દરેક ભાષામાં સંસ્કૃત શબ્દભંડોળનો પ્રભાવ છે. કાર્યક્રમના મુખ્ય અતિથિજાણીતાઅવકાશ વૈજ્ઞાનિક ડો.ઓમપ્રકાશ પાંડેએ જણાવ્યું હતું કે પહેલા અવકાશ વિજ્ઞાનમાં આપણે માત્ર નાસાનું નામ જાણતા હતા, પરંતુ હવે જીઈ પણ નાસા સાથે જોડાઈ ગયું છે. કર્ણાટકની ધરતીપછી ગુજરાતનીધરતીને પણ ગૌરવ છે કે ઈસરો પણ અમદાવાદમાં છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમને અમારી સંસ્કૃતિ પર ગર્વ કરવાની તક આપીછે. આદરમિયાન તેમણે ચંદ્રયાન ૩ના પ્રક્ષેપણને લગતી તમામ મહત્વપૂર્ણ માહિતીશેર કરી. હાલમાંચંદ્રયાન-૩ના ડેટાપર કામ ચાલીરહ્યું છે.તાજેતરમાં આદિત્ય એલ-૧ પણ આપણા માટે મોટી ઉપલબ્ધિ છે. આપણે અવકાશ વિજ્ઞાનના ક્ષેત્રમાં એક મોટી ક્રાંતિ તરીકે ઉભરી આવ્યા છીએ. અધ્યક્ષીય પ્રવચનમાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો. રમાશંકર દુબેએ કહ્યું કે ભારત જીવંત રાષ્ટ્ર છે. ભારતેસમગ્ર વિશ્વને પ્રભાવિતઅને સંસ્કારીબનાવ્યું છે. સંસ્કૃત ભાષા દ્વારા જ સમગ્ર વિશ્વમાં જ્ઞાનનો ફેલાવો થયો છે. આપણા દેશમાં શરૂઆતથીજ જ્ઞાન અને વિજ્ઞાનની પરંપરા રહી છે. અહીં તમામ વિષયોમાં શિક્ષણ આપવામાં આવતું હતું. આપણી પાસે પણ ૬૪ કળામાં શિક્ષણ આપવાની પરંપરા છે.આપણા દેશમાં ૧૮૩૫ સુધી ગુરુકુલો કાર્યરત હતા. મેકોલેએ પોતાના અહેવાલમાં આવિશે પણ લખ્યું છે કે ભારતએક સમૃદ્ધઅને સાંસ્કૃતિક દેશછે. તાજેતરનાવર્ષોમાં સૂચવેલા તમામ સૂત્રોને લગતી તમામ સ્પષ્ટતાઓ પૂર્ણ થઈ ગઈ છે. આઈક્યુએસીના નિયામક પ્રો. અતનુ મહાપાત્રાએ જણાવ્યું હતું કે ભારતીય જ્ઞાન પરંપરામાંથી જ આપણે આપણી પ્રાચીન શિક્ષણ પદ્ધતિ વિશે માહિતી મેળવી શકીએ છીએ. આદરમિયાન, કાર્યક્રમના સમાપન સમયે,અગાઉ આયોજિત સંસ્કૃત સંભાષણ વર્ગમાં ભાગ લેનાર તમામનેપ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028